પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૭ | ૧૭ ઓગસ્ટ, ૨૦૨૧, મંગળવાર; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન

**કાબુલમાં પ્રવેશ સાથે જ અફઘાનિસ્તાન પર તાલીબાનનો કબજો : અફઘાનને ઈસ્લામિક અમીરાત ઓફ અફઘાનિસ્તાન નામ અપાશે : અશરફ ગની હટી ગયા અને સત્તા પરિવર્તન બાદ તાલિબાન તરફથી હવે મૌલાના અબ્દુલ ગની બરાદરને રાષ્ટ્રપતિ બનાવવામાં આવી શકે છે**



કાબુલ, તા.૧૬

કાબુલમાં પ્રવેશ સાથે જ તાલિબાને અફઘાનિસ્તાન પર કબજો કરી લીધો છે. ત્યાર બાદ રવિવારે તાલિબાની આતંકવાદીઓ અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ ભવનમાં પણ ઘૂસ્યા હતા. એટલું જ નહીં, ત્યાં તેમણે તાલિબાનનો ઝંડો પણ લગાવી દીધો હતો. રવિવારે તાલિબાન કાબુલમાં ઘૂસ્યુ હતું અને ત્યાર બાદ રાષ્ટ્રપતિ અશરફ ગનીએ અફઘાનિસ્તાન છોડી દીધું હતું.

અશરફ ગની હટી ગયા અને સત્તા પરિવર્તન બાદ તાલિબાન તરફથી હવે મૌલાના અબ્દુલ ગની બરાદરને રાષ્ટ્રપતિ બનાવવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, અશરફ ગની દેશ છોડીને ચાલ્યા ગયા છે. તે સિવાય ઉપરાષ્ટ્રપતિ અમરૂલ્લા સાલેહે પણ અફઘાનિસ્તાન છોડી દીધું છે. તાલિબાન હવે અફઘાનિસ્તાનને ઈસ્લામિક અમીરાત ઓફ અફઘાનિસ્તાન નામ આપશે.

તાલિબાને જાહેરાત કરી છે કે, અફઘાનિસ્તાનમાં હવે શરિયા કાયદો લાગુ થશે. લોકોને ચેતવણી આપવામાં આવી છે કે, કોઈ પણ પ્રદેશ છોડીને જવાનો પ્રયત્ન ન કરે.

● અનુસંધાન પાન-૭ પર

## અફઘાનિસ્તાનમાં અફરાતફરી

## ઉડતા પ્લેન પર લટકેલા ત્રણ લોકો જમીન પર પટકાયા

કાબૂલ,તા.૧૬

અફઘાનિસ્તાન તાલિબાનના કબ્જામાં આવ્યા બાદ ત્યાંની પરિસ્થિતિ બહુ જ ચિંતાજનક છે. આજે સવારથી જ લોકો કાબુલ એરપોર્ટ પર એકઠા થવા લાગ્યા હતા અને કોઈપણ રીતે દેશ છોડવાનો પ્રયાસ કરતાં જોવા મળ્યા હતા. આ દરમિયાન એક વીડિયો વાયરલ થયો છે. જેમાં આકાશમાં ઉડાન ભરી રહેલાં વિમાનના પેડા પર લટકેલા ત્રણ લોકો પટકાતા જોવા મળે છે. મળતી માહિતી મુજબ, આ ત્રણેય લોકો સી-૧૭ પ્લેન પર લટકીને કાબુલ છોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા.



વિમાન હવામાં પહોંચતા જ કાબુલ એરપોર્ટની નજીક આ લોકો નીચે પટકાયા હતા. જાણવા મળી રહ્યું છે કે, આ પ્લેન પરથી ત્રણ લોકો પટકાયા છે. જેમાંથી બે લોકો રહેણાંક વિસ્તારમાં પડ્યા છે. હાલ પ્લેન પરથી પટકાયેલા લોકો અંગે કોઈ વધુ માહિતી મળી નથી.

કાબુલ એરપોર્ટ પાસેના સ્થાનિક લોકોએ દાવો કર્યો છે કે, એક પ્લેનના ટાયરો પર લટેકા ત્રણ લોકો પટકાયા છે. આ લોકો હવામાંથી નીચે પટકાતા જોરદાર અવાજ આવ્યો હતો. હાલ કાબુલ એરપોર્ટ ભારે ભીડ અને અફરાતફરીને લીધે બંધ કરાયું છે. લોકો કોઈપણ રીતે ફ્લાઈટ્સ દ્વારા અફઘાનિસ્તાન છોડવા ઈચ્છે છે.

આજે સવારથી જ હજારોની સંખ્યામાં લોકો કાબુલ છોડીને બીજા દેશમાં જવા માટે પ્રયાસ કરી રહ્યાં છે. એએફપીના સૂત્રો અનુસાર, સોમવારે સવારે કાબુલ એરપોર્ટ પર હજારો લોકો પહોંચતા હંગામો થયો હતો, જે બાદ ભીડને કાબુમાં લેવા માટે અમેરિકી સેનાએ હવામાં ફાયરિંગ કર્યું હતું.

## કોઈ વચગાળાની સરકાર નહીં આવે : તાલિબાન

**પ્રેસિડન્ટ હાઉસ પર કબજા બાદ તાલીબાનનું નિવેદન : કાબુલમાં તાલીબાન ઘૂસવા સાથે અનેક સ્થળોએ હિંસા**

કાબુલ,તા.૧૬

તાલિબાનના આતંકીઓથી ત્રસ્ત અફઘાન હેવ સંપૂર્ણ રીતે તાલિબાનીઓની નિયંત્રણમાં આવી ગયું છે. તાલિબાનીઓ દ્વારા દેશના મોટાભાગના હિસ્સા અહીં સુધી રાજધાની કાબુલ પર કબજો મેળવી લીધા પછી પ્રેસિડન્ટ અશરફ ગની દેશ છોડવા માટે મજબૂર થયા હતા. તેમના દેશ છોડવાની સાથે જ અફઘાન પર તાલિબાનનો કબજો નિશ્ચિત થઈ ગયો છે. સમગ્ર અફઘાન હવે તાલિબાની આતંકીઓના હવાલે છે. તાલિબાની કમાંડરોએ દાવો કર્યો છે કે તેમણે અફઘાનના પ્રેસિડન્ટ હાઉસ પર કબજો કરી લીધો છે. જોકે અફઘાન સરકાર તરફથી આવી કોઈ માહિતી આપવામાં આવી નથી. બીજી તરફ તાલિબાને એમ પણ કહ્યું છે કે, અફઘાનમાં સત્તાથી માંડીને બધુ જ અમારા કંટ્રોલમાં રહેશે. આ માટે કોઈ વચગાળાની સરકાર આવશે નહીં. તાલિબાની આતંકીઓનું કહેવું છે કે તે આખા અફઘાન પર કબજો કરવા જઈ રહ્યા છે. તાલિબાનના બે અધિકારીઓએ જણાવ્યું કે અફઘાનમાં સત્તાના હસ્તકરણ માટે કોઈ કામચલાઉ સરકાર આવશે નહીં અને આખા અફઘાન પર કબજો કરીશું. આ વચ્ચે



## તાલીબાન ભારત-પાકિસ્તાન વિવાદમાં હસ્તક્ષેપ નહીં કરે

**ભારત સાથે સારા સબંધો ઈચ્છતું તાલીબાન : બંને દેશોની પરસ્પરની સમસ્યા છે, તાલિબાન તેમાં કોઈ ભૂમિકા નિભાવશે નહિ : તાલીબાનના પ્રવક્તાની સ્પષ્ટતા**

કાબુલ, તા.૧૬

અફઘાનિસ્તાનમાં સર્જાયેલી અફરાતફરીની વચ્ચે તાલીબાની પ્રવક્તા જબીહુલ્લા મુજાહિદે કહ્યું કે અમે ભારતની સાથે સારો સંબંધ બનાવવા માંગીએ છીએ. તમામ રાજદૂત અહીં સુરક્ષિત રહેશે. કોઈએ પણ દેશ છોડીને જવાની જરૂર નથી. તાલિબાન પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહિદે કહ્યું કે અમે ભારત સાથે સારો અને મજબૂત સંબંધ ઈચ્છીએ છીએ. તમામ રાજદૂત અહીં સુરક્ષિત રહેશે. કોઈએ પણ દેશ છોડવાની જરૂર નથી. એક તરફ તાલિબાનને ભારત સાથે સારો સંબંધ જોઈએ છીએ, બીજી તરફ ભારત-પાકિસ્તાનના તણાવ અંગે તેને કઈ જ કહેવું નથી. તાલિબાને ભાર આપતા કહ્યું કે તેણે ભારત-પાકિસ્તાન વિવાદમાં હસ્તક્ષેપ કરવો નથી. બંને દેશોની પરસ્પરની સમસ્યા છે. તાલિબાન તેમાં કોઈ ભૂમિકા નિભાવશે નહિ.

પડોશી હોવાના સંબંધે ભારતે હમેશા કહ્યું છે કે તે અફઘાનિસ્તાનમાં લોકશાહીને સશક્ત કરવામાં અને શાંતિ સ્થાપિત કરવામાં મહત્ત્વનું યોગદાન નિભાવી શકે છે. જોકે તાલિબાને સતત આ પહેલનો વિરોધ કર્યો છે. આ કારણે જ્યારે તાલિબાન ભારત સાથે સારા સંબંધની વાત કરે છે તો તેની દાનત પર ઘણા પ્રકારના સવાલ સર્જાય છે.

મીડિયા સાથેની વાતચીત દરમિયાન તાલિબાને અફઘાનિસ્તાનના ભવિષ્ય પર વિગતે વાત કરી છે. કહ્યું કે તાલિબાન રાજમાં મહિલાઓને ભણવા માટે તક આપવામાં આવશે. તે બહાર જઈને કામ પણ કરી શકશે. બસ શરત એટલી છે કે તમામ મહિલાઓ શરિયાનું સખ્ત રીતે પાલન કરશે. સાથે જ તેમણે બુરખો ફરજિયાત પહેરવો પડશે.

## ભારત આતંકવાદ, વિસ્તારવાદનો હિંમતથી જવાબ આપી રહ્યું છે : મોદી

**દેશભરમાં ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઊજવણી કરાઇ : મોદીએ ૯૦ મિનિટ સુધી ભાષણ આપી સરકારની ઉપલબ્ધિઓ ગણાવી અને નવી યોજનાઓ જાહેર કરી : સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસનો મંત્ર આપ્યો : ૧૦૦ લાખ કરોડની ગતિ શક્તિ યોજના, સૈનિક શાળામાં દીકરીઓ પણ મેળવી શકશે પ્રવેશ, નવા ભારતના નિર્માણનો આ અમૃતકાળ છે, ૭૫ વંદે ભારત ટ્રેન, નોર્થ-ઇસ્ટમાં કનેક્ટિવિટી સહિત ૧૦ મોટા એલાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા**





ન્યુ દિલ્હી,તા.૧૬

આજે દેશ સ્વતંત્રતા દિવસની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે અને આઝાદીના જશ્નમાં ડૂબી ગયો છે. આ અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની પ્રાચીર પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો અને દેશને સંબોધિત કર્યા હતા. આજનો દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે લાલ કિલ્લા પર પ્રથમવાર પુષ્પવર્ષા કરવામાં આવી. સાથે દેશ આઝાદીની ૭૫મી વર્ષગાંઠને આઝાદીનો અમૃત મહોત્સવ તરીકે ઉજવી રહ્યો છે. મહત્વનું છે કે પ્રધાનમંત્રી મોદી ભારતની આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી કરવા માટે માર્ચ ૨૦૨૧માં અમદાવાદના સાબરમતી આશ્રમથી આઝાદીનો અમૃત મહોત્વસ કાર્યક્રમની શરૂઆત કરી હતી, જે ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી જારી રહેશે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સુરક્ષાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. પ્રધાનમંત્રી પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પર ફૂલ ચઢાવ્યા અને પછી લાલ કિલ્લા પર પહોંચ્યા હતા.

અરવિંદોની જન્મજયંતિ છે. તેમની ૧૫૦મી જન્મજયંતિનું પર્વ છે. તેઓ કહેતા હતા કે ભારતને એટલું સામર્થવાન બનાવવું પડશે જેટલું આપણે ક્યારેય નહતા. આપણી આદતોને બદલવી પડશે. ખુદને ફરી જગાડવા પડશે. તેમની આ વાતો આપણે કર્તવ્યોનું ધ્યાન અપાવે છે. દેશને આપણે શું આપી રહ્યાં છીએ તે વિચારવું પડશે. અમે અધિકારોને હંમેશા મહત્વ આપ્યું. હવે કર્તવ્યોને સર્વોપરી બનાવવા પડશે. લોકલ ફોર લોકલ માટે વધુમાં વધુ વસ્તુ ખરીદો.

## અફઘાનિસ્તાનથી દિલ્હી પહોંચેલા ૧૨૯ લોકોએ પોતાની વ્યથા વ્યક્ત કરી



ન્યુ દિલ્હી,તા.૧૬

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ બાદ એકવાર ફરી તાલિબાનનું રાજ સ્થપાઈ ગયું છે. લોકો અફઘાનિસ્તાન છોડીને ભાગી રહ્યા છે. રાષ્ટ્રપતિ અશરફ ગનીએ પહેલા જ દેશ છોડી દીધો છે. અફઘાનિસ્તાનથી નીકળવાના એકમાત્ર રસ્તા કાબુલ એરપોર્ટ પર પણ નાસભાગ મચી છે. ગત રાત્રે એર ઈન્ડિયાની એક ફ્લાઈટ ૧૨૦ લોકોને લઈને દિલ્હી પહોંચી. ભારત પહોંચેલા લોકોએ અફઘાનિસ્તાનમાં તાલિબાન રાજની ભયનાક સ્થિતિનું વર્ણન કર્યું.

વાતચીતમાં અફઘાનિસ્તાન છોડીને આવેલા લોકોનું દેશ છોડવાનું દુઃખ સ્પષ્ટ ઝલકી રહ્યું છે. દિલ્હી આવેલા એક વ્યક્તિએ કહ્યું કે, 'સૌને ખબર છે કે ત્યાં કેવી સ્થિતિ છે, સૌને ખબર છે. અમારી સરકાર આજે પડી ભાંગી જેમના સહારે અમે આગળ વધવાનું વિચાર્યું હતું, કંઈક નવું કરવાનું વિચાર્યું હતું. અમારા દેશની જેવી સ્થિતિ છે તેનાથી વધારે સારી થઈ શકે, પરંતુ ૨૦ વર્ષ બાદ અમે ફરી ત્યાં આવી પહોંચ્યા જ્યાં પહેલા હતા.''

ફ્લાઈટ દ્વારા કાબુલથી દિલ્હી પહોંચવા પર અફઘાનિસ્તાનના પૂર્વ સાંસદ જમીલ કરજઈએ કહ્યું કે, ''જ્યારે હું ત્યાંથી ભાગ્યો છું તો ત્યાંની સ્થિતિ શું હશે તમે સમજી શકો છો. અશરફ ગનીની ટીમ ગદ્દાર છે. તેમણે અફઘાનિસ્તાનના લોકોની સાથે ગદ્દારી કરી છે. લોકો તેમને માફ નહીં કરે.'' અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગનીએ દેશ છોડ્યા બાદ એક નિવેદન જાહેર કર્યું. તેમણે કહ્યું કે, ''આજે મારી સામે એક મુશ્કેલ પસંદગી આવી. મારે સશસ્ત્ર તાલિબાનનો સામનો કરવો જોઈએ જે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશ કરવા ઈચ્છતું હતું અથવા પ્રિય દેશ (અફઘાનિસ્તાન)ને છોડવો જોઈએ જેની મે છેલ્લા ૨૦ વર્ષથી રક્ષા અને રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.''

તેમણે કહ્યું કે, ''હું ત્યાં હોત તો વધારે હિંસા થઈ હોત.'' ઉલ્લેખનીય છે કે અફઘાનિસ્તાનથી ૧૨૯ મુસાફરો કાબુલથી દિલ્હી પહોંચ્યા છે.

## મલેશિયાના વડાપ્રધાન યાસીન રાજાનું રાજીનામુ

કુઆલાલંપુર, તા.૧૬

મલેશિયાના વડા પ્રધાન મોહિઉદ્દીન યાસીને સત્તા સંભાળ્યાના ૧૮ મહિના કરતા પણ ઓછા સમયમાં સોમવારે મલેશિયાના રાજાને રાજીનામુ સોંપી દીધુ. તેઓ દેશની સત્તામાં સૌથી ઓછા સમય સુધી આસીન રહેનારા નેતા બની ગયા છે. તેઓ માર્ચ ૨૦૨૦માં વડા પ્રધાન બન્યા હતા.

અગાઉ તેમણે એ સ્વીકાર કર્યો હતો કે શાસન કરવા માટે આવશ્યક બહુમતનુ સમર્થન તેમણે પ્રાપ્ત નથી.

## ત્રીજી લહેર બીજી લહેર જેટલી ગંભીર હોઈ શકે નહીં : ગુલેરિયા

નવી દિલ્હી,તા.૧૬

અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન, નવી દિલ્હીના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ કહ્યું કે કોરોનાવાયરસ બીમારીની ત્રીજી લહેર બીજી લહેર જેટલી ભયાનક નહીં હોય. જો કે તેમણે ચેતવણી આપી છે કે લોકો કોવિડને કાબૂમાં રાખવા માટે કોરોનાના નિયમોનું પાલન કેવી રીતે કરે છે તેના પર નિર્ભર કરે છે. તેમણે કહ્યું કે મને નથી લાગતું કે આપણે બીજી લહેર જેટલી ખરાબ હોય તેવી ત્રીજી લહેર જોઈશું. આ વાત ડૉ. ગુલેરિયાએ વિશાખાપટ્ટનમમાં ગીતમ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપના દિવસ દરમિયાન આયોજિત કાર્યક્રમ દરમિયાન કરી. તેમણે કહ્યું કે મને નથી લાગતું કે બીજી લહેર જેટલી ખરાબ ત્રીજી લહેર આપણે જોઈશું. કોવિડ-૧૯ની ત્રીજી લહેરમાં બાળકોના વધુ સંક્રમિત થવાની સંભાવના પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે બાળકોને બીમારી વિરુદ્ધ રસી નથી અપાઈ રહી એટલે તેમને વધુ અતિસંવેદનશીલ માનવામાં આવી રહ્યા છે.

હાલમાં ભારતમાં કોવિડ-૧૯ રસીકરણ અભિયાનના દાયરામાં માત્ર ૧૮ વર્ષથી વધુ વર્ષના લોકો સુધી જ સિમિત છે. તેમણે કહ્યું કે સામાન્ય મત એવો છે કે વયસ્કોનું રસીકરણ થઈ રહ્યું છે. બાળકોનું નહીં. આથી જો કોઈ નવી લહેર આવે તો તે એવા લોકોને પ્રભાવિત કરશે જે વધુ સંવેદનશીલ છે. આવી સ્થિતિમાં બાળકો વધુ સંવેદનશીલ હશે. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે સિરો સર્વે મુજબ અડધા કરતા વધુ બાળકો પહેલેથી જ કોરોનાનો શિકાર બની ચૂક્યા છે અને હાલમાં તેમની પાસે રોગ વિરોધી એન્ટીબોડી આવી ગઈ છે.